# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

मूरति नाना तरहकी, हरि हर विधिकी आइ ।
पूजी सब बालन सहित, पियै दुधमुख बाइ ।।
देख अचंभो होबहीं, गर बालकनि सोइ ।
देवचन्द्र नहिं मानवी, अवतारी कोउ होइ ।।
- वृत्तान्तमुक्तावली



निजानन्दचार्य सद्गुरु श्री देवचन्द्रजीकी बाल लीला


नवम्बर २००९

वर्ष ८१ श्री ५ नवतनपुरी धाम, जामनगर अंक ११

www.krishnapranami.org



शामलाजीमें दिनांक २३ से २९ अक्तूबर २००९ पर्यन्त
आयोजित श्री कृष्ण प्रणामी धर्म महोत्सवके विविध दृश्य



श्री कृष्ण प्रणामी धर्म महोत्सवके अवसर पर श्रीमद्भागवत कथा
करते हुए श्री कृष्ण प्रणामी सेवाश्रमके संचालक श्री पुरुषोत्तम शास्त्रीजी



श्री ५ नवतनपुरी धाममें रहकर वर्षोंसे श्री प्राणनाथ मेड़ी मंदिरमें पुजारीके रूपमें सेवा करने वाले संत श्री मोहनदासजीका दिनांक १ अक्तूबर २००९ के दिन धामगमन हुआ। उन्होंने सेवाको ही धर्म मानकर संपूर्ण जीवन सेवामय व्यतीत किया है ऐसे सेवाभावी संतको श्री राजजी अपने चरणोंका सुख प्रदान करें ऐसी प्रार्थना।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

વિ.સં ૨૦૬૬ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૨

વર્ષ ૮૧ **નવેમ્બર ૨૦૦૯** અંક : ૧૧

| | | |
|---|---|---|
| મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ | } | જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ |
| મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ | } | શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ 001 (ગુજરાત) ભારત |
| સંપાદક(માનદ્) | : | ડૉ. પ્રવીણચન્દ્ર પરીખ |
| સંપાદક મંડળ | : | શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય તથા શ્રી કનકરાય વ્યાસ |

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ 001 ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com**

**Website : www.krishnapranami.org/ www.krishnadham.org**


# સદ્ગુરુ શ્રીજી મિલાપ

**વિ.સં ૧૬૮૭ ના કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર દિવસે નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ શ્રી ૫ નવતનપુરી ધામની સ્થાપના કરી હતી. તે તિથિ આ વર્ષે તારીખ ૨-૧૧-૦૯ ના રોજ હતી. ત્યારબાદ માગશર સુદ નોમના દિવસે શ્રી પ્રાણનાથજી સદ્ગુરુના ચરણોમાં આવ્યા હતા. તે પવિત્ર તિથિ આ વર્ષે તા. ૨૬-૧૧-૦૯ ના રોજ છે. તે અવસર ઉપર મુંબઈમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવનું આયોજન છે. જેમાં તારીખ ૨૨ થી ૨૮ નવેબર ૨૦૦૯ સુધી શ્રી તારતમ સાગરના ૧૦૮ સાપ્તાહિક પારાયણ, વાણીચર્ચા, ભાગવત કથા, પ્રવચન વગેરેનો કાર્યક્રમ રહેશે.**

# મેહેર સાગર

**પરમ પૂજ્ય જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ**

(ગતાંક પૃષ્ઠ ૬ થી આગળ...)

કૃપા દ્વારા જ કૃપાને સમજવું જોઈએ, આ વાતને સ્પષ્ટ કરતા કહે છે,

**જો એક વચન કહૂં મેહેર કા, લે મેહેર સમઝિયો સોએ ।**
**અપાર ઉમર અપાર જુબાંએ, તો મેહેર કો હિસાબ ન હોય ॥૪૧**

શ્રી રાજજીની કૃપાનો એક પણ શબ્દ મારાથી કહેવાઈ રહ્યો છે તો તેને તમે તેજ કૃપા દ્વારા સમજવાનો પ્રયત્ન કરજો. આ કૃપા એટલી મહાન છે કે અનંત કાલ સુધી અસંખ્ય જિહ્વા દ્વારા એનું વર્ણન કરવા લાગીશું તો પણ એનું નિરૂપણ થઈ શકશે નહીં.

**જો એક વચન કહૂં મેહેર કા....**મહામતિ શ્રી પ્રાણનાથજી અમોને સમજાવી રહ્યા છે કે શ્રી રાજજીની કૃપાના વર્ણનમાં જો મારી જીભ દ્વારા એક પણ શબ્દનો ઉચ્ચારણ થાય છે તો તેને પણ તમે શ્રી રાજજીની કૃપા દ્વારા સમજવાનો પ્રયત્ન કરજો. કારણ કે કૃપાને કૃપા દ્વારા જ સમજી શકાય છે. નહિતર માત્ર પોતાની બુદ્ધિના પ્રયોગથી કૃપાને પૂર્ણરૂપેણ સમજી શકાય નહીં. આ બુદ્ધિ નશ્વર જગતની વસ્તુઓને પણ સમગ્ર રીતે સમજી શકશે. એટલા માટે કહેવાય છે કે શ્રી રાજજીની કૃપાને સમજવા માટે તેમની કૃપાનો જ સહારો લેવો જોઈએ. આપણે શ્રી રાજજીને પ્રાર્થના કરી શકીએ કે હે ધણી ! આપની કૃપાને સમજવા માટે આપ જ કૃપા કરો. અથવા હે ધણી ! આપ એવી કૃપા કરો જેથી અમો આપની કૃપાને સમજી શકીએ. કૃપાનું બાહરનું રૂપ તો લોકોને દેખાય પણ છે અને લોકો તેને સમજવા માટે પ્રયત્નો પણ કરે છે પણ તેનું યથાર્થ સ્વરૂપ તો આન્તરિક છે તેને સમજવું કેવલ બુદ્ધિનું કામ નથી. કેવલ બુદ્ધિથી વિચાર કરનારા લોકોને વાસ્તવિક કૃપા દેખાતી જ નથી. હૃદય પૂર્વક વિચાર કરનારા લોકો જ કૃપાના દર્શન કરી શકે છે. શ્રી રાજજીની કૃપાથી જ બ્રહ્માત્માઓ કૃપાના આન્તરિક સ્વરૂપને સમજે છે અને તેમના ઉપર જ આ કૃપા ઉતરે છે. કારણ કે કૃપાના દર્શન કરતા કરતા તેમનું હૃદય જ નિર્મળ થઈ ગયેલું હોય છે.

**અપાર ઉમર અપાર જુબાંએ.....**શ્રી રાજજીની કૃપા એટલી મહાન હોય છે કે અનંત કાલ સુધી અનંત જિહ્વા દ્વારા વર્ણન કરવા માગીએ તો પણ તેનું પૂરૂં વર્ણન થઈ શકતું નથી. એટલા માટે મહામતિ કહે છે કે સીમિત શબ્દો દ્વારા કૃપાનું વર્ણન થઈ રહ્યું છે એ શ્રી રાજજીની કૃપા દ્વારા જ છે માટે કૃપા દ્વારા જ કૃપાને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. બાત પણ મનનીય છે કે જ્યારે કૃપાનું વર્ણન જ કૃપા દ્વારા થઈ રહ્યું છે તો કૃપાના દ્વારા જ કૃપાને સમજી શકાશે. નહિતર અનેક જન્મો સુધી વારંવાર પ્રયત્નો કરવા છતાય કૃપાનું નિરૂપણ સંભવ થશે નહીં.

બીજા સાગરોથી વધારે મહત્ત્વ કૃપાના સાગરનું દર્શાવી રહ્યા છે,

**નિપટ બડા સાગર આઠમા, એ મેહેર કો નિકે જાન ।**
**જો મેહેર હોય તુઝ ઊપર, તો મેહેર કી હોએ પેહેચાન ।।૪૨**

ખરેખર આ આઠમો સાગર ખૂબ મહાન છે આને શ્રી રાજજીની કૃપાનો સાગર સમજવો. જો તમારા ઉપર શ્રી રાજજીની કૃપા થશે ત્યારે તમોને કૃપાના સાગરની સાચી ઓળખ થશે.

**નિપટ બડા સાગર આઠમા.....**પરમધામની વિવિધ સંપદાઓમાં શ્રી રાજજીની કૃપાને સર્વોપરિ માનવામાં આવે છે. આ કૃપા આટલી વિશાલ છે કે એના માટે સાગરની ઉપમા પણ નાની પડે છે. પણ એના વર્ણન માટે બીજા શબ્દો જ નથી એટલે જ સાગર કહીને વર્ણન કરવું પડ્યું છે. પરમધામની અનેક સમ્પદાઓને સાગરની ઉપમા આપવામાં આવી છે. તે બધામાં આ આઠમો સાગર કૃપાનો છે એટલે એ બીજા સાગરોથી શ્રેષ્ઠ તેમજ વિશાલ છે.

**જો મેહેર હોય તુઝ ઊપર......**શ્રી રાજજીની કૃપા જેના પર ઉતરે છે તે જ આત્મા કૃપાને સાચા અર્થમાં સમજે છે. નહિતર કૃપાના બાહરી દર્શન જ થતા હોય છે. સામાન્ય માણસને કૃપાના બાહરના રૂપના દર્શન થાય છે એટલે આવા લોકો ભૌતિક લાભને જ પરમાત્માની કૃપા સમજે છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ વ્યક્તિ ઉપર પરમાત્માની કૃપા થઈ છે એવું કહીએ તો આવી વ્યક્તિઓ સમજે છે કે તેને ભૌતિક સંપત્તિ, માન, પ્રતિષ્ઠા વગેરે ભૌતિક

વસ્તુઓ અપાર માત્રામાં મળી હશે. તેમને આવો ખ્યાલ જ આવશે નહીં કે તેને પોતાની ઓળખ થઈ હશે, શ્રી રાજજીની અનુભૂતિ થઈ હશે, દર્શન થયા હશે વગેરે. જે આત્મા ઉપર શ્રી રાજજીની કૃપા થાય છે તે જ આ વાતને સમજી શકશે કે કોઈના ઉપર શ્રી રાજજીની કૃપા થઈ છે તો તેને પોતાના આત્માની ઓળખ, પરમાત્માની ઓળખ, પરમાત્મા તથા પરમધામના દર્શન વગેરે થયા હશે. એટલા માટે કહેવામાં આવ્યું કે શ્રી રાજજીની કૃપા થવાથી જ તેમની કૃપાની સાચી ઓળખ થાય છે.

આઠમા સાગર કૃપા સાગરનું મહત્ત્વ હજી દર્શાવી રહ્યા છે,

**સાત સાગર વર્ણન કિએ, સાગર આઠમા બિના હિસાબ ।**
**એ મેહેર કો પાર ન આવહીં, જો કૈ કોટ કરૂં કિતાબ ।। ૪૩**

સાતેય સાગરોનું વર્ણન થઈ ગયું છે પણ આ આઠમો સાગર અર્થાત્ મેહેર સાગરનો પાર જ નથી. શ્રી રાજજીની કૃપાનું વર્ણન કરતા કરતા કરોડો ગ્રન્થોની રચના પણ કેમ ન કરવામાં આવે તો પણ એનો પાર પામી શકાશે નહીં.

**સાત સાગર વર્ણન કિએ.....**કૃપાનું સાગરનું વર્ણન કરતા પહેલા મહામતિએ શ્રી રાજજીની શોભા, શ્રૃંગાર વગેરેનું વિસ્તૃત વર્ણન કર્યું જેને સાગરની ઉપમા આપવામાં આવી છે. જો કે તેઓનું વર્ણન પણ સીમિત શબ્દો દ્વારા સંભવ નથી. શ્રી રાજજીની અપાર શોભાને શબ્દોની સીમામાં બાંધી દેવું કઠણ હોય છે છતાય મહામતિએ તેનું વર્ણન કર્યુ. જ્યારે તેઓ કૃપાના સાગરનું વર્ણન કરવા લાગે છે ત્યારે કહે છે કે આ સાગરનો તો કોઈ પારવાર જ નથી. જેનો કોઈ પાર જ નથી તેનું વર્ણન ક્યાથી શરૂ કરીએ અને ક્યાં જઈને વિરમીએ ? મહામતિ અમોને આ સમજાવી રહ્યા છે કે તેઓએ જે કંઈ વર્ણન કર્યું છે તે શ્રી રાજજીની કૃપાની સામે નહિવત્ છે. મહામતિને ચારેય બાજુ શ્રી રાજજીની કૃપા જ દેખાય છે એટલે તેઓ કહે છે કે હું તેનું વર્ણન કઈ રીતે કરૂં ? આનું વર્ણન કરતા કરોડો ગ્રન્થોનું નિર્માણ થશે તો પણ એનો પાર પામી શકાશે નહીં. આ કૃપા શ્રી રાજજીની છે માટે તેનો પાર પામવું સંભવ નથી. બીજી કોઈ વસ્તુ હોત તો તેનો પાર પામી પણ શકાત પણ શ્રી રાજજીની કૃપા

તો તેઓની જેમ વર્ણનથી પર છે. કરોડો જિહ્વાથી અનંત કાલ સુધી વર્ણન કરવામાં આવે તો પણ તેનો પાર પામી શકાશે નહીં.

બ્રહ્માત્માઓ શ્રી રાજજીની કૃપાને સમજી શકે છે તેમજ અનુભવ કરી શકે છે. આ વાતને સમજાવી રહ્યા છે,

**એ મેહેર મોમિન જાનહીં, જિન ઊપર હૈ મેહેર ।**
**તાકો હક કી મેહેર બિના, ઔર દેખેં સબ જેહેર ॥૪૪**

આ કૃપાના સાગરને તો બ્રહ્માત્માઓ જ જાણી શકે છે. કારણ કે તેમના ઉપર જ આ કૃપા થયેલી છે. તેઓને શ્રી રાજજીની કૃપા સિવાય બધું જ ઝેર જેવું લાગે છે.

**એ મેહેર મોમિન જાનહીં.....**બ્રહ્માત્માઓ જ શ્રી રાજજીની કૃપાને જાણી શકે છે. તેઓને જ કૃપાનો અનુભવ થાય છે. જોકે આ જગતના બધા જ પ્રાણીઓના ઉપર શ્રી રાજજીની કૃપા છવાયેલી હોય છે પણ તેને બધા પ્રાણીઓ સમજી શક્તા નથી . તેને સમજવાની યોગ્યતા મનુષ્યને પ્રાપ્ત થયેલ છે છતાય બધા મનુષ્યો આ અંગે વિચાર કરતા નથી. એવામાં બ્રહ્માત્માઓ હંમેશા શ્રી રાજજીની કૃપાની શોધમાં હોય છે. તેઓને જ શ્રી રાજજીની કૃપાનો અનુભવ થાય છે. બ્રહ્માત્માઓને કૃપાના દર્શન એટલે થાય છે કે તેઓ કૃપાને જોવા માંગે છે. તેઓને કૃપા સિવાય કંઈ જ દેખાતું નથી. તેઓને હંમેશા કૃપાનો જ અનુભવ થાય છે. જો થોડા સમય માટે કૃપાનો અનુભવ થવો બંદ થઈ જાય તો તેઓને આ સંસાર ઝેર જેવું લાગશે. તેઓને શ્રી રાજજીની કૃપામાં જ સુખ, શાંતિ તેમજ સંતોષ અનુભવાય છે. નહિંતર શ્રી રાજજીની કૃપા સિવાય તેઓને સઘળો સંસાર વિષમય લાગવા લાગશે. તેઓ હંમેશા શ્રી રાજજીની કૃપામાં જ જીવે છે.

શ્રી રાજજીની કૃપાના વર્ણનનો ઉપસંહાર કરતા કહે છે,

**મહામતિ કહે ઐ મોમિનોં, એ મેહેર બડા સાગર ।**
**સો મેહેર હક કદમોં તલે, પીઓ અમીરસ હક નજર ॥૪૫**

મહામતિ કહે છે, હે બ્રહ્માત્માઓ ! શ્રી રાજજીની કૃપાનો આ સાગર

ઘણો જ મહાન છે. હવે એ જ કૃપા દ્વારા શ્રી રાજજીના ચરણોમાં જાગૃત થઈને તેઓશ્રીની દૃષ્ટિમા રહેલ અમૃત રસનું પાન કરીએ.

**મહામતિ કહે ઐ મોમિનો.....**મહામતિ બ્રહ્માત્માઓને સંબોધતા કહે છે, હે બ્રહ્માત્માઓ ! શ્રી રાજજીની અસીમ કૃપાનો આ સાગર ખુબ જ મહાન છે. એનું પૂરે પૂરૂં વર્ણન કરવું સંભવ નથી, છતાય અમારે એ સમજવાનું છે કે અમો તેઓની કૃપાના અન્તર્ગત છીએ. તેઓએ અમારા ઉપર અપાર કૃપા કરી છે. એ જ કૃપાની અનુભૂતિ કરાવવા માટે તેઓએ આપણને નશ્વર જગતમાં મોકલ્યા છે. હવે આપણે એ જ કૃપા દ્વારા જાગૃત થઈને શ્રી રાજજીના સાન્નિધ્યનો અનુભવ કરવો છે અને તેઓની કૃપાદૃષ્ટિથી વરસતા અમૃત રસનું પાન કરવું છે. શ્રી રાજજીના ચરણોમાં સ્થિત પરઆત્મામાં જાગૃત થયેથી તેઓની કૃપાદૃષ્ટિ આપણા ઉપર પડી રહી છે તેવો અનુભવ થશે અને આપણે તો કૃપારૂપ અમૃતરસનું પાન કરી પરમ આનંદનો અનુભવ કરીશું.

આ રીતે મહામતિએ ૪૫ ચોપાઈઓ દ્વારા શ્રી રાજજીની કૃપાનું વર્ણન કર્યું છે. જો કે શ્રી તારતમ સાગરમાં ઘણા સ્થળોએ કૃપાનું વર્ણન થયું છે છતાય એક સાથે વિસ્તૃત તેમજ રહસ્યપૂર્ણ વર્ણન અહીં જ છે. એટલે જ કૃપાના સાગર પોતે શ્રી રાજજી હોવા છતા આ પ્રકરણને મેહેર સાગર અર્થાત્ કૃપા સાગર એમ નામ આપ્યું છે. એજ આનું મહત્ત્વ છે. શ્રી રાજજીની કૃપાનું વર્ણન કરતા અથવા પાઠ કરતા આપણે પણ કૃપામય બનીએ અને સર્વત્ર કૃપાના દર્શન કરીએ. એ જ અભ્યર્થના.

---

# આમાં તમે કોણ ?

**કાગળ તો બન્નેને કોરા જ આપવામાં આવ્યા હતા. એકે એના પર ગાળો લખી. બીજાએ સ્તુતિઓ. પથ્થરતો બન્નેના હાથમાં એક સરખા જ આપવામાં આવ્યા હતા. એકે એનાથી કોકનું માથું ફોડ્યું બીજાએ એમાંથી પ્રભુની પ્રતિમા બનાવી. આંખો તો બન્નેને તેજસ્વી જ મળી હતી એકે પરનારીને જોઈ બીજાએ પરમાત્માને. સંપત્તિ તો બન્નેને ચિક્કાર મળી હતી એકે અને ભોગવિલાસમાં વાપરી બીજાએ ભગવદ્ નિવાસ બનાવવામાં. મન તો બન્નેને સરખું જ મળ્યું હતું એક ચડ્યો વાસનામાં બીજો ચડ્યો પ્રભુ ભાવનામાં.......**

# આંતરિક સૌંદર્ય

**શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય - શ્રી ૫ નવતનપુરી ધામ**

સૌંદર્ય બે પ્રકારનું હોય છે. એક બહારનું સૌંદર્ય બીજું અંદર (આંતરિક) નું સૌંદર્ય. બન્ને સૌંદર્ય પરમાત્માએ આપેલા સુંદર ઉપહાર છે, પરંતુ બન્નેમાં ભેદ છે. સંતો તથા મહાપુરુષોએ બાહ્ય સૌંદર્ય અર્થાત્ શારીરિક સુંદરતાને એટલું મહત્ત્વ નથી આપ્યું જેટલું આંતરિક સૌંદર્ય અર્થાત્ હૃદયની સુંદરતાને આપ્યું છે. આંતરિક સૌંદર્ય એને કહેવાય જેનું મન, બુદ્ધિ, ચિત્ત તથા આત્મા નિર્મળ હોય, સ્વચ્છ હોય, પવિત્ર હોય એને અંદરની સુંદરતા કહે છે.

મહામતિ શ્રી પ્રાણનાથજીએ શારીરિક સુંદરતાને બહુ મહત્ત્વ આપ્યું નથી, તેઓ હૃદયની સુંદરતાને જ સર્વશ્રેષ્ઠ માનતા હતા. તેઓ કહે છે, માનવનો ઉત્કર્ષ અંદરની સુંદરતાથી જ થાય છે. બહારની સુંદરતા તો ક્ષણમાત્ર માટે હોય છે. આ કંચનવર્ણી કાયા એકક્ષણમાં કુરૂપ થઈ જતાં વાર લાગતી નથી. પરિવર્તન યુક્ત શરીરની આવી સુંદરતાનું લોકો અભિમાન કર્યા કરે છે. આ ગેરસમજ છે. તેઓ કહે છે,

**અંદર નાહીં નિર્મલ, ફેર ફેર નહાવે બાહેર ।**
**કર દેખાઈ કોટ વેર, તોહે ના મિલો કરતાર ॥**

અર્થાત્ આપણે અંદરથી નિર્મળ નથી. બહારથી નિર્મળ બનવા માટે આપણે સેંકડો વાર સ્નાન કરીએ છીએ, પરંતુ આવા સ્નાનથી આપણે આપણા શરીરને થોડી ક્ષણો માટે નિર્મળ બનાવી  શકીએ પરંતુ આત્માની નિર્મળતા માટે તો આપણે કંઈક વધારે જોઈએ. તે છે અરસનું જલ,

**પાક ન હોઈએ ઇન પાનીએ, ચાહિએ અરસ કા જલ ।**
**ન્હાઈએ હક કે જમાલ મેં, તબ હોઈએ નિરમલ ॥**

અર્થાત્ આ ભવસાગરના જલથી પવિત્ર થઈ શકાશે નહીં, એના માટે તો પરમધામનું શાશ્વત પ્રેમરૂપી જલ જ જોઈએ. શ્રી રાજજીના અનુપમ સૌંદર્યરૂપી સાગરમાં નિમગ્ન થવાથી હૃદય પવિત્ર થઈ શકે છે. નહિ તો બહારથી નિર્મળ થઈને ભલે કરોડો વાર પ્રાર્થના કરવામાં આવે, પરંતુ જ્યાં

સુધી હૃદયને પવિત્ર બનાવી ધણીની સાથે પ્રેમ ન થાય ત્યાં સુધી પ્રિયતમ પરમાત્માની પ્રાપ્તિ અસંભવ છે. આગળ કહે છે કે, આપણે આપણા શરીરને સુંદર બનાવવા માટે કેટલો પરિશ્રમ કરીએ છીએ, જો આપણું હૃદય પવિત્ર અને સુંદર બનાવવા માટે થોડીક પણ મહેનત કરવામાં આવે તો અર્ધી ક્ષણ માટે પણ પરમાત્મા આપણાથી દૂર નથી. તેઓ હંમેશા આપણી સાથે જ વિદ્યમાન છે.

આપણે આપણી જાતને સારા કહેવડાવવા ઈચ્છીએ છીએ, સારા કહેવડાવવા માટે વધારે પડતા બહારના હાવભાવ તથા ક્રિયાકલાપોને વધારે મહત્ત્વ આપીએ છીએ. આપણી અંદરની પ્રવૃત્તિઓ ગમે તેવી હોય પરંતુ આપણે બહારથી સારા બનવા માટે નિરંતર પ્રયાસ કરીએ છીએ. બનાવટી પ્રવૃત્તિથી આપણે આપણી વાસ્તવિક વૃત્તિને છુપાવી રહ્યા હોઈએ છીએ. આપણને એ ખ્યાલ હોવો જોઈએ કે શરીરથી વધારે આત્માનું મહત્ત્વ છે. મહાભારતના ભીષ્મપર્વમાં કહ્યું છે,

**ઈન્દ્રિયાણિ પરાન્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ ।**
**મનસસ્તુ પરા બુદ્ધિર્યોબુદ્ધેઃ પરતસ્તુ સઃ ।।**

વાસ્તવમાં શરીરથી ઈન્દ્રયો શ્રેષ્ઠ છે, ઈન્દ્રિયોથી મન અને મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે અને જે બુદ્ધિથી પણ શ્રેષ્ઠ છે તે આત્મા છે. આથી તનથી વધારે મનની, મનથી વધારે બુદ્ધિની અને બુદ્ધિથી વધારે આત્માની સુંદરતા હોવી જોઈએ. આજ વાસ્તવિક સૌન્દર્ય છે. શરીરની સુંદરતા કેટલીક ક્ષણો માટે આકર્ષણ જરૂર કરે છે પરંતુ બુદ્ધિમાન લોકો સજાગ થઈ જાય છે, આ તો ક્ષણભંગુર છે, શરીર તો થોડાક દિવસનું મહેમાન છે. અન્તતોગત્વા એનું કોઈ અસ્તિત્ત્વ નથી. અસ્તિત્વ તો એનું છે, જે અજર છે, અમર છે, નિત્ય તથા શાશ્વત છે. તેની સુંદરતા જ સાચી સુંદરતા છે. આથી પ્રબુદ્ધજનો આત્માને નિર્મલ બનાવવા માટે દરેક પળે સજાગ રહે છે. તેઓ હંમેશાં સાવધાન રહે છે કે ક્યાંક બહારનો વિકાર અંદર આત્મા સુધી ન પહોંચી જાય.

એક વાર સુકરાત પોતાને અરીસામાં જોઈ રહ્યા હતા ત્યારે સામે બેઠેલા શિષ્યગણ હસી પડ્યા. સુકરાતે કહ્યું, હું જાણું છું કે તમે કેમ હસી પડ્યા ? હું કદરૂપો છું છતાં પણ અરીસામાં જોઈ રહ્યો છું, આ તમારા હસવાનુ કારણ

છે, પરંતુ અરીસામાં જોવાનું મારું પ્રયોજન અલગ છે. જે તમે જાણતા નથી. હું જાણું છું કે હું સુંદર નથી, પરંતુ બહાર જે કુરુપતા છે તે અંદર પણ ન આવી જાય. મારી અંદરની કુરૂપતાને દૂર કરવા માટે હું અરીસામાં જોઈ રહ્યો છું.

માત્ર શરીરની સુંદરતાને જોવાવાળાને અષ્ટાવક્રજી ચમાર કહે છે. આપણે એ પ્રસંગ જાણીએ છીએ કે, મહારાજ જનકના દરબારમાં સભા ભરાયેલી હતી, ત્યાં અષ્ટાવક્રજી પહોંચ્યા, જે આઠ સ્થાનોથી વાંકા હતા. તેમને જોઈને સભામાં ઉપસ્થિત લોકો ખિલખિલાટ હસવા લાગ્યા અષ્ટાવક્રે સહજતાથી કહી દીધું કે હું તો અહીં બ્રહ્મજ્ઞાની પુરુષોની સભા સમજીને આવ્યો હતો પરંતુ મને શું ખબર કે અહીં ચમારોની સભા ચાલી રહી છે.

જે વ્યક્તિ આંતરિક સૌંદર્યને પ્રગટ કરી શકે છે, તેના માટે બહારની સુંદરતા કે અસુંદરતાનું કોઈ વિશેષ મહત્ત્વ હોતું નથી. જે વ્યક્તિ અંદરથી સુંદર છે તે જ વાસ્તવિક સુંદર છે. બહારની સુંદરતા કે મોટાપણાનું કોઈ વિશેષ પ્રયોજન હોતું નથી. આપણે જાણીએ છીએ કે એવા મહાપુરુષો છે જેનું બાહ્ય સૌંદર્ય ન હતું પણ તેમનું આંતરિક સૌંદર્ય એટલું બધું હતું કે બધાને તેઓ મુગ્ધ કરી દેતા હતા. જેમકે, અષ્ટાવક્ર, સુકરાત શ્રીમજજાચાર્ય, ચાણક્ય, બીરબલ, મહાત્મા ગાંધી વગેરે આ બધા મહાપુરુષોની બહારની સુંદરતા ન હતી પણ આંતરિક સુંદરતા એટલી જબરી હતી કે  જેના દ્વારા તેઓએ બધાને મોહિત કરી દીધા હતા.

આપણે પણ કેટલીક વખત કોઈ વ્યક્તિના સદ્આચરણ, સદ્વ્યવહાર તથા સરળતાથી પ્રભાવિત થઈને કહીએ છીએ કે તે બહુ જ સારો છે, બહુ જ સુંદર છે. આપણે ક્યારેક એમ પણ કહીએ છીએ કે તે માણસ સારો નથી, બહુ જ ખરાબ છે. આ વિચારવા લાયક વાત છે કે આપણે એકને ખરાબને બીજાને સારો એમ કહી રહ્યા છીએ. અહીં સારા અને ખરાબનું માપદંડ શરીર નથી પરંતુ અંદરની પ્રવૃત્તિઓના આધારઓ છે. આ જ સમજવાની વાત છે.

ખરું જોતાં સુંદર એ જ છે જેનું અંતઃકરણ સુંદર છે. અંતઃકરણનું સૌંદર્ય ચિત્તની નિર્મલતા પર આધારિત છે. જેનો આત્મા નિર્મલ હોય છે, તે સુંદર હોય છે. અહં ભાવ અને હીન ભાવથી તે ગ્રસ્ત હોય છે તેને આંતરિક સૌંદર્યનો બોધ હોતો નથી. જેની આત્માની દૃષ્ટિ ખુલ્લી ગઈ તેના માટે બાહ્ય જગત કંઈ

પણ નથી. એટલા માટે આપણે એવો પ્રયત્ન કરવો જોઈએ કે આપણી આત્મિક દૃષ્ટિ ખુલ્લી જાય, જેથી આપણે બહારની સુંદરતાથી અધિક આંતરિક સુંદરતામાં આકર્ષિત થઈ જઈએ.

આંતરિક સુંદરતા વધારવા માટે અપવિત્ર વિચારોથી દૂર રહીએ. નિરંતર કર્મશીલ રહીએ, ઊંચા વિચારો રાખીએ, હંમેશાં સદાચારને લક્ષ્ય બનાવીએ, વ્યવહારને પવિત્ર બનાવીએ, દેખાડાથી દૂર રહીએ હંમેશા સારા લોકની સંગતમાં રહિએ, તેને પોતાનો સાથી ન બનાવીએ જેનું ધ્યેય ઉચ્ચ ન હોય. એવા લોકોને મિત્ર ક્યારેય ન બનાવીએ જેને પોતાના પરિવારજનો સાથે મેળવવામાં પણ સંકોચનો અહેસાસ થાય.

મહાપુરુષોએ એવા અનેક ઉપાય બતાવ્યા છે જેને અપનાવવાથી આપણું આંતરિક સૌંદર્ય ખીલી ઊઠે ! કહેવાય છે કે ખોટો માણસ, ખરાબ વિચારોવાળો, દુષ્ટ વિચારવાળો વ્યક્તિ આપણી આજુ બાજુ હોય તે આપણો પરિચિત કેમ ન હોય આપણા કલ્યાણ માટે તેનાથી મોઢું ફેરવી લેવું જ સારું નહિ તો આજે નહિ તો કાલે તેની ગંદકી, તેની બુરાઈ આપણા નિષ્કલંક વ્યક્તિત્વને પ્રભાવિત અવશ્ય કરશે.

આથી વિચારોને હંમશાં માનવતાના અલંકાર માનીને સદા સુરક્ષિત રાખવા જોઈએ. મનુષ્યના વિચારો જેવા હશે એવો જ એનો આકાર દેખાશે. કડવા અને ઝેરીલા વિચારોથી આત્મા દૂષિત થાય છે. એટલા માટે મહાપુરુષો આપણને હંમેશા સજાગ રહેવા કહે છે કે, મનની પવિત્રતા, બુદ્ધિની નિર્મળતા તથા ચિત્તની શુદ્ધતા દ્વારા જ આત્માનું સૌંદર્ય વધે છે. આથી એને પવિત્ર બનાવી રાખો. નહિ તો એકવાર પણ અપવિત્રતાનો શિકાર બની ગયા પછી ક્યારેય શુદ્ધ થશે નહીં, આથી આપણે આપણા પવિત્ર સ્થાનથી ક્યારેય સ્ખલિત ન થઈએ. કેમકે સ્થાનભ્રષ્ટ મનુષ્ય પવિત્રતાથી દૂર થઈ અશોભનીય હોય છે, જેમકે દાંત, કેશ અને નખ જે પોતાના સ્થાનોથી એકવાર નીકળી ગયા પછી ઘૃણાસ્પદ લાગે છે. સ્થાન ભ્રષ્ટા ન શોભન્ત દન્તા કેશા નખા નરાઃ આવી થોડીક વાતોને જો આપણે આપણા જીવનમાં અપનાવીશું તો અવશ્ય આપણા આંતરિક સૌંદર્યને સરળતાથી પ્રાપ્ત કરી શકીશું. આજ આપણી મૂડી છે. આજ અણમોલ સિદ્ધિ છે જેને સંભાળી રાખવું આપણું કર્તવ્ય છે.

# સાંપ્રતકાળમાં સંસ્કાર સિંચનનું મહત્ત્વ

**ડો. ધનસુખ જે. પટેલ - સંતરામપુર**

જૈમિની સૂત્રમાં સંસ્કાર અંગે કહેવામાં આવ્યું છે કે, 'સંસ્કારો ના સ ભવતિ યસ્મિન્ જાતે પદાર્થો ભવતિ યોગ્યઃ કાસ્યા ચદર્થીસ્ય' અર્થાત્ સંસ્કારો દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરવાની છે. કોઈ પણ સદ્કાર્ય માટેની લાયકાત મેળવે તે જ સંસ્કાર.

આજે સભ્ય સમાજ ઈચ્છે કે પોતાનું બાળક સંસ્કારી બને. તે માટે તેઓ પ્રયત્નશીલ પણ હોય છે. કુસંસ્કારોથી સૌ પરિચિત હોય છે . સંસ્કાર એ આવા દુર્ગુણોથી પરેનું દર્શન છે, માતાપિતાનું ઉત્તમ પ્રદાન છે. કુટુંબ અને સમાજના સાંસ્કૃતિક ગઠન અને વિકાસમાં સંસ્કારોનો ફાળો અમૂલ્ય હોય છે. ગાંધીજીની સંસ્કારિતા આખી દુનિયાને પ્રભાવિત કરી ગઈ. ગાંધીજી કહે છે, મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે પિતાની નહીં પણ માતાની છે. એની પવિત્રતાની છાપ હંમેશાંને માટે મારા મન પર રહી ગઈ છે. આ પવિત્રતા એ સંસ્કારોનું પ્રાગટ્ય છે. સંસ્કાર માટે કહેવાય છે કે તે વાણી વર્તનમાં ડોકાય છે અને વિનય, વિવેક રૂપે પ્રગટે છે. સંસ્કાર એ કોઈ પણ કિંમતી ઘરેણાં કરતાં પણ કિંમતી ઘરેણું છે, જે પોતાની જાતને જ નહીં પરંતુ સંસ્કૃતિ અને સભ્યતાને પણ દીપાવે છે.

સંસ્કારની વ્યાખ્યાઓ વિસ્તૃત છે. ઘણી બધી જગ્યાએ તે પ્રગટ થતી જોવા મળે છે. સંસ્કાર વિનય-વિવેકરૂપ છે, ધાર્મિકરૂપ છે, શિક્ષણરૂપ છે, નમ્રતા-સાદગી રૂપ છે. લાગણી, ભાવના, કાર્યો, વૃતિ અને વિચારોની શુભઅસર ચિત્તમાં પ્રતિબિંબિત થઈ ઝીલાય છે, જે સંસ્કાર નિર્માણ કરે છે. માનસ પટમાં ઊભી થતી સારી છાપનું તે પ્રાગટ્ય છે. મનુષ્ય જીવનના ઘડતરમાં, વિકાસમાં સંસ્કારનો અનન્ય ફાળો હોય છે. તેની પ્રાપ્તિ માટે કોઈ પાઠશાળા નથી હોતી, અંદરથી તે પ્રગટે છે. આમ તો સંસ્કાર માટે એમ પણ કહી શકાય કે એ માતાપિતા દ્વારા થતા ઘડતરનું પરિણામ છે. સાહિત્યકાર મગનભાઈ પટેલ કહે છે કે, આધુનિક માનસશાસ્ત્રના છેલ્લા સંશોધનો બતાવે

છે કે મનુષ્યના ઘડતરમાં એના બાળપણનાં શરૂઆતના વર્ષો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. એ ઉંમરે બાળક ઘરમાં તથા આસપાસના વાતાવરણમાં ઉછરતું હોઈ એ બધાની સારી માઠી અસરો એના ચિત્ત પર પડે છે અને આગળ જતાં મહદ્ અંશે તે સ્થાયી સંસ્કારોમાં પરિણમે છે. તેથી કોઈના ચારિત્ર્ય ઘડતરમાં પ્રેરક પરિબળોનું મૂળ શોધવું હોય તો તે મહદ્ અંશે એના બાળપણના ઘરની પ્રવર્તમાન સાંસ્કૃતિક પરંપરાઓ અને આજુબાજુના વાતાવરણને આધારે શોધી શકાય.

કુંભાર માટી લાવીને તેને બંને પગ વડે ખૂંદીને મોટો પિંડ બનાવે છે. તેને ચાક પર ચડાવીને સરસ મજાનો માટલાનો આકાર ઉપસાવે છે. પછી ટપારે છે અને છેલ્લે નિભાડામાં પકવે છે. આમ તૈયાર થાય છે સરસ મજાનું માટલું. માટીમાંથી માટલું બનતા સુધી કેટલીયે વિધિઓમાંથી તેને પસાર થયું પડે છે. આ વિધિને એક પ્રકારે સંસ્કાર કહેવામાં આવે છે. સંસ્કાર આપવા એટલે ઘાટ-ઘડતર કરવું, એક જ કૂળના બે સંતાનોનું અલગ-અલગ પ્રકારે ઘડતર થતાં તેની અસરના પરિણામે એક સભ્ય સંસ્કારી બની શકે છે જ્યારે બીજો અસભ્ય અને કુસંસ્કારી બની શક્તો હોય છે. હિરો અને કોયલો (કોલસો) બંનેની માતા એક જ છે ધરતીમાતા બનેનું એક જ કૂળ છે.

આવું કોઈ પણ બાળક સાથે બની શક્તું હોય છે. તેને જો હિરાની જેમ વિવિધ સંસ્કારો પ્રાપ્ત થાય તો તેનું જીવન દીપી ઊઠે જ્યારે પાડોશમાં જ રહેતા અન્ય બાળકના ઉછેરમાં આ પ્રકારનું ઘડતર ન થાય તો તે સંસ્કારિતાના અભાવે અધોગતિના માર્ગે દોરવાય છે. જીવનમાં તે વિકાસ કરી શક્તો નથી. આમ સંસ્કારિતા માટે સંસ્કારોનું સિંચન થવું જ જોઈએ. સંસ્કાર એ ખાતરનું કામ કરે છે, જે વેલને વિષનું ખાતર આપવામાં આવે તે પાંગરી શકે નહીં લીયો ટોલ્સટોય કહે છે, માનવીનું સંસ્કાર ઘડતર પ્રમાણે મૂલ્ય વધે છે.

સંસ્કાર માટે એમ પણ કહેવામાં આવે છે કે તે પૂર્વજન્મનું ફળ છે. પૂર્વ જન્મના સંસ્કારો પ્રારબ્ધ રૂપે સાથે મળતા હોય છે. જુના કર્મો જુનો નકશો તૈયાર કરે તેમ નવા કર્મો નવો નકશો તૈયાર કરે છે. આ પ્રારબ્ધ સંસ્કાર રૂપે પ્રગટતું હોય છે. આ પ્રમાણે ભલે કહેવાતું હોય, તેમ છતાં વર્તમાન જીવનમાં

મળેલા સંસ્કારોનું ફળ પણ દેખીતું હોય છે અને વધુ પ્રભાવી હોય છે તે પણ હકીકત છે. પૂર્વ જન્મના સંસ્કારોને વર્તમાન જન્મમાં અનુકૂલન પ્રાપ્ત થતા તે અંકુરિત થઈ શક્તા હોય છે. તેને અંકુરિત કરવા માટેનું મુખ્યરૂપથી વાતાવરણ તો માતાપિતા, ગુરુજનો, વડિલો વગેરે કરી આપતા હોય છે.

કહેવાય છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. સંસ્કારને કેન્દ્ર રૂપ માની કહેવાયેલી આ કહેવત છે. ભૂગોળ, ઈતિહાસ, વિજ્ઞાન આ બધું શિક્ષક શિખવાડે તેટલું પૂરતું નથી તેનું સંસ્કાર આપવાનું પણ એક કાર્ય છે. પહેલાંના સમયમાં તે વધુ શક્ય હતું, આજે નગણ્ય રૂપનું છે. આ સંસ્કાર પ્રદાતા શિક્ષકો કરતાં પણ માતા પાસે સંસ્કાર પ્રાપ્તિ વિશેષ રૂપે થઈ શક્તી હોય છે. બાલ્યાવસ્થામાં માતાએ બાળકનો ભગવાન જ હોય છે. માતામાં જો આ સભાનતા હોય તો તે બાળકને અનેક રીતે અવશ્ય સુસંકારિત કરી શકે છે. માતાએ મૂર્તિકાર બનવાનું છે, બાળક કાચી માટી છે. પિતાએ માળી બનવાનું છે, બાળક કુમળા છોડ જેવો છે. તેનું યોગ્ય ઘડતર થાય એ એક પ્રકારે સંસ્કારિતતાને આમંત્રણ છે.

સાચા માતાપિતા બંને સંસ્કાર પ્રદાનની ફરજને ફરજ નહીં આત્મધર્મ જ સમજતા હોય છે. માતા તો પિતા કરતા પણ અગ્ર હોય છે. તેઓ ઈચ્છે કે ન ઈચ્છે બાળ માનસમાં તેમનું પ્રદાન કમ્પ્યૂટરાઈઝડ થઈ જતું હોય છે. ખાસ કરીને બાળક માબાપને ખબર નથી હોતી એ રીતે એના વર્તનને નિહાળે છે અને એનું અનુકરણ કરે છે. એક આદર્શ અને સંસ્કારી પુત્ર એના પિતાને કહે છે કે તમે જરૂરિયાત મંદોને સમય અને યથાશક્તિ આર્થિક મદદ કરતા હતા. તમારા મિત્ર, સ્નેહી કે પાડોશી હોસ્પિટલમાં બિમાર હોય ત્યારે તમે ટીફીન કે ફળો લઈને જતા હતા. મારામાં તે પછી મદદ અને મુસીબતમાં સાથ આપવાના સંસ્કારોનું ઘડતર થયું હતું.

જેમ ઉંમર નાની તેમ અર્ધજાગૃત મન વધુ સક્રિય અને આ અર્ધજાગૃત મનની સક્રિયતા આધારિત સંસ્કાર ગ્રહણ ક્ષમતા ઊભી થતી હોય છે તેથી જ સૌથી વધુ સંસ્કાર ગ્રહણ બાલ્યાવસ્થામાં જ થતું હોય છે. કુળના સંસ્કાર પણ એ વખતે આરોપિત થતા હોય છે. જે કુળમાં ઉછેર થયો હોય તેના વાતાવરણનો

પ્રભાવ પણ તેના કુમળા માનસ પર પડતો હોય છે.

પહેલાંના સમયમાં બાલ્યાવસ્થામાં ગુરુકુળમાં બાળકોને અભ્યાસાર્થે મોકલવામાં આવતા. ગુરુ પરિવાર તેમનામાં ભણતર સાથે સંસ્કાર સિંચનનું કાર્ય કરતો, આજના ગુરુ શિક્ષકો જે શિક્ષણ આપે છે તેમાં સંસ્કારની બાદબાકી થઈ ગઈ છે. જો કે ગુરુ શિષ્ય બંને પક્ષે ભાવશૂન્યતાનું પ્રમાણ વધી ગયું છે. આધ્યાત્મને મહત્ત્વ આપતા મનુષ્ય કોઈ મહાનપુરુષ, સંતને ગુરુપદે સ્થાપિત કરતો હોય છે. તેમના પર તે શ્રદ્ધા આરોપિત કરતો હોય છે. તેથી તેમના સદ્ગુણો અને સદુપદેશોને તે લક્ષમા લેતો હોય છે. આવા ગુરુજનો હંમેશાં સાર્વત્રિક સુસંસ્કારોનો પ્રભાવ છોડતા હોય છે, જેની અસર ગ્રહણશીલતાના આધારે થતી હોય છે. આમ તો માતાપિતા તેમજ કુટુંબના કે સમાજના વડિલો પણ એક પ્રકારે ગુરુજન જ છે. તેઓ સંસ્કારિતાના પક્ષને પુષ્ટ કરતા હોય છે. આમ પણ જ્યાં વડિલો પ્રત્યે વિનય ભાવ હોય છે. વડિલો સ્નેહભાવ પ્રદર્શિત કરી સારી શિખામણ આપતા હોય ત્યારે આ કાર્ય સરળ બની જતું હોય છે. રાજા હરિચંદ્રનો પુત્ર રોહિત, શેઠ સગાળશાનો પુત્ર ચેલૈયો, ઉત્તાનપાદ રાજાનો પુત્ર ધ્રુવ, આંધળા મા બાપનો પુત્ર શ્રવણ આ બધા સંસ્કાર પ્રાપ્તિનું ઉજ્જવળ દર્શન કરાવીને જગતના પ્રેરક બની ગયા.

સંસ્કાર સંસ્કૃતિનું નિર્માણ કરે છે, સભ્યતાને વિકસિત કરે છે. તેમાં આજે ભેળસેળ થતાં વિવેકચૂક થવા લાગી છે. સંસ્કૃતિ કરતાં સભ્યતાને વધુ પડતું મહત્ત્વ અપાઈ રહ્યું છે. તેમાં પણ આપણી સભ્યતાના સ્થાને પશ્ચિમની સભ્યતાનું સ્થાપન થવા લાગ્યું છે. તેથી આપણી સંસ્કૃતિને ગ્રહણ લાગવા જેવું થઈ રહ્યું છે. સંસ્કાર જીવનમાં ભાવ પ્રધાનતા હતી તે એ ભોગ પ્રધાનતામાં પરિણામવા લાગી છે. અને લાગણી શૂન્યતાને લઈ જીવનમાં શુષ્કતા આવવા લાગી છે. ઉન્નત જીવનનો ભાવ વિસરાઈ જવા લાગ્યો છે. આમાંથી ઉગરવા સહિયારા પ્રયાસો જ કામ આવી શકે. સંસ્કાર સિંચનને લગતો અભ્યાસક્રમ, તે પ્રકારના કાર્યક્રમોને પ્રોત્સાહન સરકાર આપી શકે. સંતો, મહંતો, મહાપુરુષોની આજે જવાબદારી વધી ગઈ છે તેઓ બાળસંસ્કાર કેન્દ્રો માટે સમાજને પ્રોત્સાહિત કરે અને વડિલોને પણ જાગૃત કરે, તે આજના સમયની તાતી જરૂરિયાત છે.

# પંચ રત્ન

૦૧.**પંચ દેવ :** વિરંચિ, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને સદાશિવ.

૦૨.**પંચ ભાવ (પરમધામના) :** સત્, ચિદ્, આનંદ, અનંત અને અદ્વૈત.

૦૩. **પાંચ મોક્ષ :** સારૂપ્ય, સાલોક્ય, સાંનિધ્ય, સાયુજ્ય અને મોક્ષ.

૦૪.**પંચવાસના :** શિવ, સનકાદિક, શુકદેવ, કબીર અને વિષ્ણુ.

૦૫. **પંચ યજ્ઞ :** દેવયજ્ઞ, ઋષિયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને માનવયજ્ઞ.

૦૬. **પાંચ પાપસ્થાન :** ચૂલો, ખાંડણી, ઘંટી, સાવરણી અને પાણીચારું.

૦૭. **પાંચ ચચિત્તભૂમિકા :** ક્ષિપ્ત, વિક્ષિપ્ત, મૂઢ, નિરૂદ્ધ અને એકાગ્ર.

૦૮. **પાંચ ભારતના નામ :** જંબુદ્વિપ, ઈન્દુ, આર્યાવર્ત, હિંદુસ્તાન અને ભારત.

૦૯.**પંચ વેદ :** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને સ્વસંવેદ.

૧૦.**પંચ પ્રાણ :** પાન, અપાન, વ્યાન, ઉદાન અને સમાન.

૧૧.**પંચ ઉપપ્રાણ :** નાગ, કુર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય.

૧૨.**પાંચ નિયમ :** સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અચૌર્ય અને અપરિગ્રહ.

૧૩.**પંચ ગુણ (આકાશના) :** કામ, ક્રોધ, લોભ, મોહ અને ભય.

૧૪.**પંચ ગુણ (વાયુના) :** ચલન, વલન, ધાવન, પ્રસારન અને આકુંચન.

૧૫.**પંચ ગુણ (અગ્નિના) :** ક્ષુધા, તૃષા, આલસ્ય, નિદ્રા અને કાન્તિ.

૧૬.**પંચ ગુણ (જલના) :** વીર્ય, રક્ત, લાર, મૂત્ર અને પ્રસ્વેદ.

૧૭.**પંચ ગુણ (પૃથ્વીના) :** અસ્થિ, માંસ, ત્વચા, રોમ અને બિન્દુ.

૧૮.**પંચ માત્રા (ॐ કારના) :** અ, ઉ, મ, અર્ધમાત્રા અને બિન્દુ.

૧૯.**પાંચ સંપ્રદાયો :** વૈષ્ણવ, શૈવ, ગણેશ, શાક્ત અને સૌર.

૨૦.**પંચ ભ્રાતા (શ્રીજીના) :** હરિવંશ, શામલિયા, ગોવરધન, મેહેરાજ અને ઉદ્ધવ.

૨૧.**પાંચ શક્તિ :** વાસ્તવી, અનિર્વચનીયા, તુચ્છા, શિવકલ્યાણી અને ઉન્મુની.

૨૨.**પંચ શિવ :** બ્રહ્મ શિવ, પરમ શિવ, સદા શિવ, નાદ શિવ અને શિવ.

૨૩.**પાંચ આંગળી :** અંગૂઠો, તર્જની, મધ્યમા, અનામિકા અને કનિષ્ઠિકા.

૨૪.**પંચ નિયમ :** શૌચ, સન્તોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન.

૨૫.**પાંચ વિવાહ :** બ્રહ્મ, દૈવ, આર્ષ, ગાંધર્વ અને પ્રાજાપત્ય.

૨૬.**પંચ કર્મ :** યજ્ઞ, તપ, દાન, વેદાધ્યાયન અને સત્યભાષણ.

૨૭.**પંચ મહાભૂત :** પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ અને આકાશ.

૨૮.**પાંચ જ્ઞાનેન્દ્રિય :** આંખ, કાન, નાક, જીભ અને ત્વચા.

૨૯.**પાંચ કર્મેન્દ્રિય :** હાથ, પગ, ગુદા, લિંગ અને વાણી.

૩૦.**પાંચ તન્માત્રા :** શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

૩૧.**પંચામૃત :** દૂધ, દધિ, ઘૃત, મધુ અને શર્કરા.

૩૨.**પંચ ગવ્ય :** છાણ, મૂત્ર, દૂધ, દહીં અને ઘી(ગાયના).

૩૩.**પંચ વૃક્ષ :** પીપળો, બીલી, વડ, આંબલી અને આસોપાલવ.

૩૪.**પાંચ દુઃખ :** જરા, વ્યાધિ, મૃત્યુ, અપ્રિય યોગ અને પ્રિય વિયોગ.

૩૫.**પંચાયતન :** ગણપતિ, શક્તિ દેવી, સૂર્ય, વિષ્ણુ અને શિવ.

૩૬.**પંચાજીરી :** સૂંઠ, સુવા, ખસખસ, અજમો અને કોપરું.

૩૭.**પંચાંગ :** વાર, તિથિ, નક્ષત્ર, યોગ અને કરણ.

૩૮.**પાંચ અવિદ્યા :** અસ્મિતા, રાગ, દ્વૈષ, અભિનિવેશ અને અવિદ્યા.

૩૯.**પાંચ સતી :** અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા અને મંદોદરી.

૪૦.**પાંચ પાંડવ :** યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ.

૪૧.**પાંચ પીર :** રામદેવજી, ગોગાજી, જેહાજી, હડબૂજી અને યાબૂજી.

૪૨.**પંચમકાર :** મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન.

૪૩.**પંચ ધાતુ :** સોનું, ચાંદી, તાંબું, જસત અને લોખંડ.

૪૪.**પંચ કર્મ (આયુર્વેદ) :** વમન, વિરેચન, બસ્તી, નસ્ય અને રક્તમોક્ષણ.

૪૫.**પંચોપચાર :** ધૂપ, દીપ, નૈવેદ્ય, ગંધ અને પુષ્પ.

૪૬.**પંચ દ્રવ્ય :** લવિંગ, કંકોલ, અગર, જાયફળ અને કપૂર.

૪૭.**પંચ 'ક' કાર (શીખ) :** કચ્છ, કેશ, કંગી, કડુ, કિરપાણ.

૪૮.**પંચાયતન :** શ્રી રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને સીતાજી.

૪૯.**પંચ મુદ્રા (યોગ) :** અગોચરી, ચાચરી, ખેચરી, ભોચરી અને ઉન્મની.

૫૦.**પંચ વસ્ત્ર :** ધોતિ, અંગરખું, બંડી, ખેસ અને પાઘડી.

૫૧.**પંચ પરમેષ્ઠિ :** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

૫૨.**પાંચ વનસ્પતિ અંગ :** થડ, મૂળ, પાન, પુષ્પ અને ફળ.

૫૩.**પંચ કાષ્ટ :** શ્રી પર્ણી, શમી, ખદિર, વિકંકત અને ખારરો.

૫૪.**પાંચ શ્રાદ્ધ :** નિત્ય, નૈમિત્તિક, કામ્ય, વુદ્ધિ અને પાર્વણ.

૫૫.**પાંચ ગોપાળ :** કામરાજ, મન્મથ, કંદર્પ, માર્કતેન અને મનોગત.

૫૬.**પંચ કલ્પસૂત્ર :** ઉત્તરાધ્યયન, નિશીથ સૂત્ર, કલ્પ સૂત્ર વ્યવહાર સૂત્ર, જીતકલ્પ સૂત્ર.

૫૭.**પંચ દ્રવ્યભાગ :** ધર્માદા, અર્થોપાર્જન, રક્ષણાર્થે, યશ માટે અને કુટુંબ માટે.

૫૮.**પાંચ વર્ષકાળ :** સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર અને વત્સર.

૫૯.**પાંચ આસન :** કુશ, મૃગચર્મ, વ્યાઘ્રચર્મ, રેશમ અને કામળો.

૬૦.**જપના પાંચ પ્રકાર :** શબ્દ જપ, મૌન જપ, સાર્થ જપ, ચિતસ્થ જપ અને ધ્યૈયેકત્વ જપ.

૬૧.**પંચ પરિચય :** આચાર-કુળ, શરીર-ખોરાક, વચન-શાસ્ત્ર, નેત્ર-સ્નેહ અને ચેષ્ટા-મન.

૬૨.**પંચકોશ :** અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ.

૬૩.**પાંચ અવસ્થા :** શૈશવાવસ્થા, બાલ્યાવસ્થા. કિશોરાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા

૬૪.**શ્રીજીની પાંચ શક્તિ :** શ્રી ધનીજીનો જોશ, શ્યામાજીનો આત્મા, અક્ષરબ્રહ્મની બુદ્ધિ, શ્રીરાજજીનો આદેશ, તારતમ જ્ઞાન (મૂલ બુદ્ધિ)

૬૫.**પંચ અવતાર :** અશાંવતાર, અંશાશાવતાર, આવેશાવતાર, કલાવતાર અને પૂર્ણાવતાર.

**સંકલન : યોગેદ્ર ઉપ્રેતી**

**શ્રી ૫ નવતનપુરીધામ-જામનગર**

## (ઓક્સફર્ડ યુનિવર્સિટીમા થયેલું સંશોધન)

# નાળિયેરનું પાણી દૂધ કરતાં વધુ ગુણકારી

નાળિયેરનું પાણી સંપૂર્ણ પોષક કહેવાતા દૂધ કરતાં વધુ ગુણકારી હોવાનું ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ જણાવ્યું છે. દૂધ અને નારિયેળ પાણીનો અભ્યાસ કર્યા પછી નિષ્ણાતોએ તારણ આપ્યું છે કે, નારિયેળ પાણીમાં કોલેસ્ટરોલ હોતું નથી અને ચરબી તો નામ માત્રની પણ હોતી નથી.

તેનાથી પાચનતંત્ર શુદ્ધ થઈ જાય છે અને લોહીના પરિભ્રમણને વધુ સ્થિર બનાવે છે. પાચનતંત્ર સંપૂર્ણ શુદ્ધ થઈને કામ કરે તો શરીરને જબરજસ્ત પોષણ મળવા લાગે છે અને લોહીનું પરિભ્રમણ સ્થિર થવાથી શરીરને પ્રાણવાયુ ભરપૂર મળવા લાગે છે. તેના પરિણામે આપણી રોગ પ્રતિકાર શક્તિ ખૂબ જ મજબૂત બની જાય છે અને જાતજાતના વાયરસનો મુકાબલો કરતી થઈ જાય છે.

સંશોધન કરનાર ટુકડી સાથે જોડાયેલા ડૉ. કેરી રૂક્ષટને આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, જેને કિડનીમાં પથરી થઈ હોય તે નિયમિત રીતે નારિયેળનું પાણી પીવા લાગે તો પથરી ધીમે ધીમેં ઓગળીને યુરીન સાથે નીકળી જાય છે. યુરીનને લગતા મોટા ભાગના રોગ નારિયેળ પાણીના નિયમિત સેવનથી મટી જાય છે.

જેઓ સુરાપાન કરતા હોય તેઓ જો રાત્રે થોડી વધુ પ્રમાણમાં મદિરા પી ગયા હોય તો બીજા દિવસની સવારે હેન્ગઓવર કહેવાતો માથાનો દુઃખાવો થાય છે. એવા લોકો માટે પણ નારિયેર પાણી આદર્શ ઉપાય હોવાનું નિષ્ણાતોને જાણવા મળ્યું હતું. નારિયેર પાણીમાં ઈલેકટ્રોલાઈટ્સ અને પોટાશિયમ ભરપૂર હોય છે, તેના કારણે લોહીનું પરિભ્રમણ સ્થિર બને છે. એટલે બ્લડપ્રેશરની તકલીફ નામ માત્રની પણ રહેતી નથી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નાળિયેરનું પાણી સ્વાસ્થ્ય માટે એટલું બધુ ગુણકાર છે કે જેનાથી દૂધ જેવી અન્ય ખાદ્ય ચીજો પણ પાછી પડી જાય છે. નાળિયેર પાણીને લીધે કબજીયાત દૂર થાય છે. બ્લડ પ્રેશર અને ડાયાબિટીશના દર્દીઓ માટે અક્સીર દવા નાળિયેર પાણી જ છે.

નાળિયેર પાણીમાં કોલેસ્ટરોલ હોતું નથી અને ચરબી તો નામ માત્રની પણ હોતી નથી. તેનાથી પાચનતંત્ર શુદ્ધ થઈ જાય છે.

-સંદેશ પત્રિકા

# પ્રયોગ કરીને તો જુઓ !

∅ જે બાળકને માટી કે ચોક ખાવાની આદત હોય તેને પાકેલું કેળુ મધમાં મસળી દિવસમાં બે વાર ખવડાવાથી આદત છૂટી જશે.

∅ બથુઆનું શાક નિયમિત ખાવાથી આંખની લાલાશ અને સોજો ઠીક થાય છે.

∅ વાળમાં જૂ પડી હોય તો મૂંઝાશો નહીં. બથુઆના પાનને ઉકાળી પાણી ઠંડુ પડે એટલે તે પાણીથી વાળ ધોવાથી જૂનો નાશ થશે તેમજ વાળ કોમળ થશે.

∅ દૂધની મલાઈમાં હળદર ભેળવી ચહેરા પર લગાડવાથી ત્વચા કોમળ તથા કાંતિમય થાય છે. તેમજ રૂક્ષત્વચા માટે પણ ફાયદાકારક છે.

∅ હળદરને દૂધ સાથે ભેળવી તેનો લેપ કરવાથી શરીરમાંથી આવતી દુર્ગન્ધ દૂર થાય છે. હળદરનો ગાંઠિયો અથવા કાચી હળદર પણ લઈ શકાય.

∅ બાળક સમજણું થયા બાદ પણ પથારીમાં પેશાબ કરી નાખતું હોય તો એક અખરોટની પેશી તથા પાંચ ગ્રામ કિસમિસ રોજ રાતના સુતા પહેલા ખવડાવવાથી ફાયદો થશે.

∅ લીબુંનો રસ નિચોવી લીધા બાદ લીંબુની છાલ કોણી પર ઘસવાથી કોણી પરની કાળાશ દૂર થાય છે.

∅ તાળું બરાબર ઉઘાડ-બંધ ન થતું હોય તો તેમાં સરસવના તેલના બે ત્રણ ટીપાં નાખી તાળામાં ફેરવવાથી તાળું વ્યવસ્થિત કામ કરતું થઈ જશે.

∅ હુફાળા પાણીમાં લીંબુનો રસ તેમજ મીઠું ભેળવી કોગળાં કરવાથી ગળાની તફલીફ દૂર થાય છે.

∅ ફટકડીનું મંજન કરવાથી દાંતના દુખાવામાં રાહત થાય છે.

∅ ફલાવરના શાકના દરેક ફૂલ અલગ કરી હુંફાળા પાણીમાં એક કલાક ડૂબાડી રાખવાથી તેમાંની જીવાત દૂર થશે.

∅ રવાને શેકીને રાખવાથી તેમાં ધનેડાં કે ઈયળ નહીં પડે.

∅ હિસ્ટિરિયાનો ઉથલો મારે તો કાંદો સુંઘવાડાથી હોશ આવે છે.

∅ વાસી નૂડલ્સને સ્વચ્છ પાણીથી ધોઈ તેલ લગાડી સૂપ તેમજ સ્પ્રિંગ રોલ બનાવવામાં ઉપયોગ કરી શકાય છે.

∅ ગાજરનો રસ પીવાથી યંગ અને ફિટ રહી શકાય છે. શરત એટલી જ કે તે રોજ પીવો જોઈએ.

∅ ગાજરને બાફી છૂંદો કરવો. તેમાં એક ચમચો લીંબનો રસ અને બે ચમચા ખીરો (ખારો) રસ ભેળવી ત્વચા પર લગાડવાથી તડકાથી શ્યામ થયેલી ત્વચા નિખરી ઉઠશે.

# (સમાચાર)

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવ-શામળાજી

## શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણ તથા ૧૦૮ રાજભોગ

સુંદરસાથજી ! આપ સૌ જાણો છો તેમ શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ટ્રસ્ટ દ્વારા શામળાજી (સાબરકાંઠા)માં ઈ. સ. ૨૦૦૫ માં શ્રી કૃષ્ણ પ્રણામી સેવાશ્રમનું નિર્માણ કરવામાં આવેલ છે. અરાવલ્લીની પર્વતમાળાઓની શૃંખલામાં



આવેલું પ્રાકૃતિક સૌંદર્યથી ઓતપ્રોત તથા કરોડો ભક્તાત્માઓની શ્રદ્ધા તથા આસ્થાનું કેન્દ્ર શામળાજી ગુજરાતના પાંચ તીર્થસ્થાનોમાંનું એક છે. અહીંયાં આશરે પાંચ હજાર વર્ષ જૂનું પૌરાણિક મંદિર ભવ્ય તથા દિવ્યરૂપે સુશોભિત છે.

મેશ્વો સરોવરનું શીતલ સ્વચ્છ જલસ્પર્શિત તથા વનવાટિકાઓમાં પુષ્પિત પુષ્પોસ્પર્શિત શીતલ મંદ સુંગધયુક્ત હવા જ્યાં ભક્તોને તાજામાજા કરે છે. આવી પાવનતમ પૌરાણિક તીર્થભૂમિ ભક્તોના હૃદયે ભક્તિના અનુપમ રંગે રંગાયેલી છે.

આવી તીર્થભૂમિમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મનો પ્રચાર પ્રસાર ઝડપી ગતિથી થાય તેમજ **મહામતિશ્રી પ્રાણનાથજીની વિશ્વકલ્યાણકારી વાણી શ્રી તારતમ સાગરનું જ્ઞાન જન-જનને પ્રાપ્ત થાય એવા ઉમદા હેતુથી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજે અહીંયાં વિશિષ્ટ મંદિર નિર્માણનો સંકલ્પ લીધો છે.** અહીંયા પાતાળથી પરમધામ સુધીની અલભ્ય ઝાંખીઓ પણ લગાવવામાં

આવશે. જેના દ્વારા શાસ્ત્રોનું ગૂઢ રહસ્યાત્મક જ્ઞાન સર્વસાધારણ ભગવદ્ ભક્તોને પણ સુલભતાથી મળી શકે.

પાંચ વર્ષ પૂર્વે સ્થાપાયેલો શ્રી કૃષ્ણ પ્રણામી સેવાશ્રમ સુચારુ રીતે ચાલી રહ્યો છે. અહીંયાં પ્રતિવર્ષ પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પાવન નિશ્રામાં વાર્ષિક ઉત્સવ બહુ જ સુંદર રીતે મનાવવામાં આવે છે. આ વર્ષે આ ઉત્સવ શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણ તથા ૧૦૮ રાજભોગના ભવ્ય આયોજનની સાથે મનાવવામાં આવ્યો.

**શોભાયાત્રા :** દિનાંક ૨૩ ઓક્ટોબર ૨૦૦૯ ના રોજ પ્રાતઃ ૧૦ વાગે શામળાજી વિષ્ણુમંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી પ્રકાશ યાત્રી ભવનથી શોભાયાત્રાનો મંગલ પ્રારંભ થયો. હજારો સુંદરસાથ તથા વિભિન્ન સ્થાનોથી પધારેલા સંતો સમ્મિલિત આ યાત્રાના કેન્દ્રબિંદુમાં પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી હતા જે અતિ દેદીપ્યમાન શણગારેલા રથમાં બિરાજમાન હતા. બેંડવાજા તથા સાઉન્ડ સિસ્ટમના તાલે જુદી જુદી રીતના રાસ-ગરબાનો આનંદ લઈ





સુંદરસાથજી પોતપોતાને યશોભાગી સમજી રહ્યા હતા. જય જય કારથી ગગનને ગુંજાયમાન કરી રહ્યા હતા. શોભાયાત્રા બરાબર ૧૨-૦૦ વાગે મંદિરના પ્રાંગણમાં આવી પહોંચી.

**પારાયણ પ્રારંભ :** શોભાયાત્રા પછી બધા સુંદરસાથ તથા સંતજનો સુંદર





રૂપે શણગારેલા પારાયણ મંડપમાં પહોંચી ગયા. જ્યાં શ્રી રાજજીના વાઙ્મય સ્વરૂપ ૧૦૮ તારતમ સાગર શોભાયમાન હતા. પ્રારંભિક પૂજન તથા આરતી બાદ મધ્યાહ્ન બરાબર ૧૨-૩૦ વાગે પૂજ્ય આચાર્યશ્રીએ ૧૦૮ પારાયણનો શુભારંભ કર્યો. આ પ્રસંગે શ્રી ટહલકિશોર શાસ્ત્રીજી મહારાજ, શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્યજી, શ્રી નારાયણ સ્વામીજી, શ્રી પુરુષોત્તમ શાસ્ત્રીજી, શ્રી ચંદન શાસ્ત્રીજી, શ્રી કૃષ્ણ શાસ્ત્રીજી તથા પારાયણના મુખ્ય યજમાન તથા અગ્રગણ્ય સુંદરસાથજીની વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિ હતી.

**ભૂમિ પૂજન :** તારીખ ૨૩ ઓક્ટોબર ૨૦૦૯ ના મધ્યાહ્ન બરાબર ૧-૦૦ વાગ્યાના શુભમુહૂર્તમાં સંતજનો અગ્રણી સેવાભાવી સુંદરસાથજીની વિશેષ ઉપસ્થિતિમાં શ્રી રાજજી મહારાજની પ્રાર્થના તથા મંગલાચરણ બાદ પરમ પૂજ્ય આચાર્ય મહારાજના પાવન કરકમલો દ્વારા મંદિરના નિર્માણ માટે ભૂમિપૂજન થયું. ઉપરોક્ત પાવન પ્રસંગે મંદિરના નિર્માણમાં વિશેષ સહયોગ કરવાવાળા સેવાભાવી સુંદરસાથજીની ઉપસ્થિતિ હતી.

**સભામંડપ :** બપોર બાદ ૩-૦૦ કલાકે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ



દીપ પ્રગટાવી સભામંડપનું ઉદ્‌ઘાટન કર્યુ. સર્વપ્રથમ પ્રાર્થના, ભજન ગાયન પછી પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ શ્રી તારતમ સાગરની ચર્ચા કરી. ઉપસ્થિત સંતો તથા સુંદરસાથજીને આશીર્વાદ પ્રદાન કર્યા. પ્રત્યેક દિવસે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની વાણી ચર્ચાનો લાભ સુંદરસાથજીને મળતો હતો. અનેક સંતોં દ્વારા પ્રવચનો થયા. એમાં **શ્રી નારાયણ સ્વામીજી, શાસ્ત્રી લક્ષ્મણ ચૈતન્યજી, શ્રી પ્રકાશચંદ્ર શાસ્ત્રીજી, શ્રી રાજેન્દ્ર શાસ્ત્રીજી, શ્રી કૃષ્ણ શાસ્ત્રીજી, શ્રી ચંદન શાસ્ત્રીજી, શ્રી કપીલ શાસ્ત્રીજી** મુખ્ય હતાં તો ભજન ગાયનમાં **રાજીવ લોચનજી** તથા **સુનિલ પ્રણામી** હતા.

**રાજભોગ :** ૨૮ ઓક્ટોબરના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે શ્રી રાજજી માટે



વિવિધ પ્રકારના ૧૦૮ સુસ્વાદિષ્ટ મેવા મિષ્ટાન યુક્ત રાજભોગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય આચાર્યશ્રી, સંતો અને સુંદરસાથજીની વિશાળ ઉપસ્થિતિમાં ઘણા જ પ્રેમ પૂર્વક ભાવથી શ્રી રાજજીને ૧૦૮ રાજભોગ ધરાવવામાં આવ્યા. ઉપસ્થિત સર્વે સુંદરસાથજી રાજભોગનો પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા.

**શ્રીમદ્ ભાગવત કથા :** દરરોજ બપોર બાદ ૩ થી ૬ દરમિયાન સુંદરસાથજીએ



શ્રીમદ્ભાગવત ભાગી રથીમાં અવગાહન કરી ધન્યતાનો અનુભવ કર્યો. **શ્રી કૃષ્ણ પ્રણામી સેવાશ્રમ શામળાજીના સંચાલક શ્રી પુરુષોત્તમ શાસ્ત્રીજીએ સરળ શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું.**

**સાંસ્કૃતિક કાર્યક્રમ :** શામળાજીની નજીકના ગામોના ઉત્સાહી સુંદરસાથજીએ વીતક આધારિત નાટક તૈયાર કરી રાત્રિકાલીન સભામાં સુંદરસાથજી સમક્ષ પ્રસ્તુત કર્યું. અલગ-અલગ ગામો દ્વારા પ્રસ્તુત રાસ તથા ગરબા પણ ખૂબ જ દર્શનીય રહ્યા. જાગરણની આખી રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સામૂહિક રાસમાં વ્યતિત થઈ.

**પૂર્ણાહુતિ :** તા.૨૯ ઓક્ટોબર ૨૦૦૯ સવારે ૯-૦૦ વાગે સુંદરસાથજીની વિશાળ ઉપસ્થિતિમાં **શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીએ** તારતમ સાગરના છેલ્લા બે પ્રકરણોનો પાઠ



કરી પારાયણ સમાપન કર્યું. સુંદરસાથે નાળિયેર વધેરી ખુશાલી વ્યક્ત કરી.

**પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ :** કાર્યક્રમના અંતે શ્રી રાજજીની અસીમ કૃપા તથા પૂજ્ય આચાર્યશ્રીના આશીર્વાદ થી જેઓએ ઘણા જ ઉત્સાહ તથા ઉંમગ પૂર્વક રાતદિવસ એક કરી, ગામે ગામ જઈ મહોત્સવની સૂચના આપી, સેવા ઉઘરાવી, મહોત્સવ પૂર્વેની તૈયારી કરી તથા સમાપન સુધી અથક પરિશ્રમ કર્યો એવા આશ્રમના સંચાલક શ્રી પુરુષોત્તમ શાસ્ત્રી, મંદિર નિર્માણ માટે આર્થિક સેવા પ્રદાન કરવાવાળા દાતાઓ તથા મહોત્સવના વિવિધ વિભાગો જેવાં કે, આવાસ, ભોજન, પારાયણ, કાઉન્ટર, સફાઈ વગેરે વિભાગોમાં જેઓએ નિષ્ઠાપૂર્વક તથા આસ્થા પૂર્વક સેવા બજાવી છે, એવા સમગ્ર સુંદરસાથને પૂજ્ય આચાર્યશ્રીએ શાલ ઓઢાડી ખૂબ ખૂબ આશીર્વાદ પ્રદાન કર્યા.

આ રીતે આ મહોત્સવ શ્રી રાજજીની અસીમ કૃપા તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પાવન નિશ્રામાં તથા આશીર્વાદથી ભવ્ય-દિવ્ય અને સારી રીતે પૂર્ણ થયો. અંતે બધા સુંદરસાથે ભોજન-પ્રસાદ ગ્રહણ કરી પોત-પોતાના ઘરે પ્રસ્થાન કર્યું.

**- એસ.એલ.ચૈતન્ય તથા કનકરાય વ્યાસ**

# શ્રી કૃષ્ણ પ્રણામી અક્ષરાતીત મંદિરમાં સેવાપૂજા પધરામણી

જુનાગઢ જિલ્લામાં આવેલા મેંદરડા ગામના સુંદરસાથે ખૂબ જ પરિશ્રમ કરી શ્રી કૃષ્ણ પ્રણામી અક્ષરાતીત મંદિરનું નિર્માણ કર્યું છે. આ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨ નવેમ્બર ૨૦૦૯ ના શુભદિવસે ઉપરોક્ત મંદિરમાં શ્રી રાજશ્યામાજીની યુગલજોડીની સેવા પધરામણી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્ગુરુ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના પાવન કરકમલો દ્વારા સંપન્ન થઈ. આ પ્રસંગે અનેક સંત ગુરુજનો તથા વિશાળ સંખ્યામાં સુંદરસાથજીની ઉપસ્થિતિ હતી.

તા. ૨૭ ઓક્ટોબરથી ૨ નવેમ્બર દરમ્યાન આયોજિત સપ્તાહ વ્યાપી કાર્યક્રમમાં શ્રી તારતમસાગર પાઠ, પારાયણ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની વાણીચર્ચા, આશીર્વાદ, સત્સંગ પ્રવચન, ભજન-કીર્તન તથા રાસ-ગરબાનું સુંદર આયોજન હતું.

## વાર્ષિક ઉત્સવ ભિવાની (હરિયાણા)

શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર, ભિવાનીનો ૨૮ મો વાર્ષિક ઉત્સવ શ્રી તારતમ સાગર કથા, શ્રીમદ્ભાગવત કથા, રાષ્ટ્રીય વિચાર ગોષ્ઠિ, મંગલ જયંતી તથા સમૂહ લગ્ન જેવા વિવિધ કાર્યક્રમોની સાથે ખૂબજ સરસ રીતે સંપન્ન થયો. શ્રી રાધિકાદાસજી મહારાજની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્ગુરુ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ, સંતશિરોમણિ સ્વામી શ્રી સદાનંદજી મહારાજ, શ્રી જગતરાજજી મહારાજ, શ્રી મોહનપ્રિયાચાર્યજી મહારાજ, શ્રી ટહલ કિશોરજી મહારાજ સહિત સમાજના આગેવાન વિદ્વદ્જનો તથા સંગીતકારોની ઉપસ્થિતિ હતી. દરેકે સુંદરસાથજીને સંબોધિત કરી ધર્મલાભ આપ્યો.

## શ્રી પ્રાણનાથ પ્રાકટ્યોત્સવ-બોરીવલી મુંબઈ

પરમ પૂજ્ય બાબાજી શ્રી લક્ષ્મીદાસજી મહારાજ, શ્રી ૫ નવતનપુરી ધામની પાવન સત્પ્રેરણા તથા નિશ્રમાંમા આશરે ૧૮ વર્ષ પૂર્વે મુંબઈ સ્થિત બોરીબલી શહેરમાં શ્રી પ્રાણનાથ જ્ઞાનકેન્દ્રનો શુભારંભ કરવામાં આયો હતો. જેમાં પરમ પૂજ્ય વાણી સમ્રાટ બાબાજીએ શ્રી દીનદયાલજી મહારાજને અધ્યક્ષ પદ પર નિયુક્ત કરી શ્રી તારતમ સાગરનો પ્રચાર-પ્રસારનુ દાયિત્વ સોંપ્યુ હતું. જે મહતી કાર્ય શ્રી દીનદયાલજી મહારાજ ખૂબ સારી રીતે નિભાયવી.

અહીં તા.૧૫ થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૦૯ સુધી આયોજિત ત્રિ-દિવસીય શ્રી પ્રાણનાથ પ્રાક્ટય ઉત્સવ ધૂમધામથી મનાવવામાં આવ્યો. આ અવસરે પૂ.શ્રી દીનદયાલજી મહારાજે કુ.પરીમ સખીને પોતાના ઉત્તરાધિકારી રૂપે નિયુક્ત કર્યા.

## સૂચના

**સુંદરસાથજીને જણાવવાનું છે કે, જો આપના સરનામું "Renew" થી શરૂ થતું હોય તો બે માસની અંદર લવાજમ ગ્રાહક નંબર સાથે શ્રી ૫ નવતનપુરી ધામની ઓફિસમાં મોકલી આપવા વિનંતિ. પત્રિકા અંગે કોઈ પણ પૂછ પરછ માટે ગ્રાહક નંબર (PGY, PGL, PHY, PHL, PFL) સાથે આપવા વિનંતી.**

***સંપર્ક - કુણાલ વ્યાસ મો. ૯૯૭૯૮૫૬૨૨૮***

# સાહિત્ય સેવા

**નવસારી :** ધર્મજ્ઞશ્રી ભગવાનજીભાઈ ભાણજીભાઈ ભંડેરી સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૧૧૧/ મળ્યા છે. સમગ્ર પરિવારજનો પર શ્રી રાજજીની સદા મહેર રહે એવી શુભકામના.

**સુરત :** ધર્મજ્ઞશ્રી દોલતસિંહ ધીરાલાલ ચૌહાણ તરફથી નૂતનવર્ષે શ્રી ૫ નવતનપુરી ધામની સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૧/ મળ્યા છે. સમગ્ર પરિવારજનો પર શ્રી રાજજીની સદા મહેર રહે એવી શુભકામના.

**કોંજા :** ધર્મજ્ઞશ્રી પોપટભાઈ જાદવભાઈ સભાયા તરફથી શરદપૂનમના ઓચ્છવ પ્રસંગે શ્રી રાજશ્યામાજીની આરતી ઉતારી એની ખુશાલી પ્રસંગે રૂા.૨૭૫/ મળ્યા છે.

**ફત્તેપુર :** ધર્મજ્ઞશ્રી સુરેશભાઈ કાંતિભાઈ પનાભાઈ સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી સાધુસંતોને પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૦/ મળ્યા છે.

**દેસાસણ :** ધર્મજ્ઞશ્રી નરસીભાઈ બબાભાઈના સુપુત્ર ચિ. દિનેશકુમારને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી અર્થે રૂા.૨૦૧/ તથા નરસિંહભાઈ બબાભાઈના સુપુત્રો ચિ. દિનેશભાઈ તથા ધમેન્દ્રભાઈને ત્યાં ચિ. મહેરકુમાર અને ચિ. સ્નેહકુમારના જન્મ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૩૦૦/ મળ્યા છે. સમગ્ર પરિવારજનોને ખૂબ-ખૂબ વધાઈ સહ અભિનંદન.

**મુંબઈ :** મિતેષ ટોબેકો સ્ટોર્સના પરિવારજનો શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૧/ ભેટ મળી છે.

**અમદાવાદ :** ધર્મજ્ઞશ્રી ભરતભાઈ પ્રાગજીભાઈ ભંડેરી દીપાવલીના પાવન પર્વે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૧/ મળ્યા છે.

**જામનગર :** ધર્મજ્ઞશ્રી રમણિકલાલ માધવજી વડગામા તરફથી નૂતનવર્ષે શુભેચ્છા ભેટ. રૂા. ૨૫૧/ મળી છે.

**હિપાવલી (સુરત):** ધર્મજ્ઞશ્રી વિઠ્ઠલભાઈ છગનભાઈ કપોપરા સુરતથી નવતનપુરી ધામ દીપાવલી પ્રસંગે દર્શનાર્થે આવ્યા તથા ચિ. પીયૂષકુમારના ધર્મપત્ની ચિ. મનીષાબેનને કંઠી બંધાવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**અંજાર (કચ્છ) :** ધર્મજ્ઞશ્રી અરવિંદભાઈ કિશોરભાઈ અને ધર્મેશભાઈ દીપાવલીના પાવન પ્રસંગે સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ ભેટ મળી છે. સમગ્ર પરિવારજનો પર શ્રીજીની મહેર રહે એવી શુભકામના.

**રાજકોટ :** ધર્મજ્ઞા હિનાબેન રક્ષિતભાઈ રૈયાણી સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૦/ મળ્યા છે.

**સાંગણવા :** ધામવાસી વેલજીભાઈ ટપુભાઈ

પટોરિયાની પાવન સ્મૃતિમાં રૂા.૧૫૧/ મળ્યા છે. હ. છગનભાઈ પટોરિયા.

**અમદાવાદ :** ધર્મજ્ઞશ્રી વિશાલ બી. રોધેલીયા તરફથી ચિ. અમીને શાળાએ બેસાડ્યાંની ખુશાલી પ્રસંગે તેમ જ નવું ટુ વ્હીલર ખરીદ કર્યાની ખુશાલીમાં રૂા. ૫૦૧/ ભેટ મળી છે. સમગ્ર પરિવારજનો પર શ્રી રાજજીની કૃપા રહે એવી શુભકામના.

**જામનગર :** ધર્મજ્ઞશ્રી દિનેશભાઈ અમરેલિયા તરફથી નૂતનવર્ષે સાહિત્ય સેવામાં રૂા. ૧૫૦/ શુભેચ્છા ભેટ મળી છે.

**હીપાવડલી :** હાલ અમદાવાદ ધર્મજ્ઞશ્રી રમણિકલાલ અમૃતલાલ જોશીના સુપુત્ર ચિ. પંકજકુમારના શુભલગ્ન ચિ. રિના સાથે ધામધૂમ પૂર્વક સંપન્ન થયાની ખુશાલીમાં રૂા. ૫૦૧/ મળ્યા છે. નવદંપતિને હાર્દિક શુભકામના.

**જુનાગઢ :** ધર્મજ્ઞા લીલાવંતીબેન રણછોડભાઈ ચોવટિયાની મનોકામના શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપાથી પૂર્ણ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ પત્રિકાની સેવામાં મળ્યા છે. ધન્યવાદ.

**વાંસદા (નવસારી) :** પૂર્વેશકુમાર બીપીનચંદ્ર ભાવસાર તરફથી શુભેચ્છા ભેટ રૂા. ૧૫૧/ મળી છે.

**જામનગર :** ધામવાસી શૈલેન્દ્રસિંહ પ્રતાપસિંહ સિસોદિયાની ત્રીજી પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે. હ. હર્ષિદાબેન વાળા.

**કનકેર :** ધર્મજ્ઞશ્રી ભગવાનલાલ ટાંક, ટાંક મેડિકલ સ્ટોર તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૧૦૦/ મળ્યા છે. ધન્યવાદ

**મુંબઈ :** ધર્મજ્ઞાશ્રી ગીતાંજલિ ચૌબે તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**ધુળશિયા (સુરત) :** ગોબરભાઈ વીરજીભાઈ માધાણી તરફથી ચિ. ભાવેશના શુભલગ્ન તા. ૫-૧૧-૨૦૦૯ ના રોજ થયાની ખુશાલીમાં ભેટ.

**હિંમતનગર :** શ્રી લલિતભાઈ જી. પ્રણામીએ પોતાના નિવાસસ્થાને શ્રી તારતમ સાગરની પારાયણ કરાવેલ તેની ખુશાલી પ્રસંગે ભેટ.

**ડાકોર :** ધર્મજ્ઞાશ્રી ચંદ્રિકાબેન તરફથી ચિ. સ્નેહકુમારના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ.

**ગાંધીનગર (અમદાવાદ) :** શ્રી બટુકભાઈ, પૂર્વિ અને પાર્થ શ્રી ૫ નવતનપુરી ધામના નવા વર્ષે દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ. હ. ભંડેરી બટુકભાઈ શંભુભાઈ.

**વલસાડ :** જે બી. ભાવસાર નૂતનવર્ષે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જામ-ખંભાળિયા :** ધર્મજ્ઞાશ્રી જશુબેન જે. મોદી તરફથી દીપાવલી પર્વની ખુશાલીમાં મળ્યા છે.

**રાજકોટ :** જમનાબેન ગાંડાલાલ વેકરિયા તરફથી પારાયણની પૂર્ણાહુતિ તથા નિજનામ મંત્ર જપ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જુનાગઢ :** ડૉ. દમયંતીબેન વ્યાસની મનોકામના શ્રી રાજજીની મહેરથી પૂર્ણ થયાંની ખુશાલી પ્રસંગે મળ્યા છે.

**હિપાવડલી (સુરત) :** શ્રી મધુભાઈ ઠાકરશીભાઈ કપોપરા સપરિવાર

દીપાવલીના પાવન પ્રસંગે દર્શનાર્થે આવ્યાની ખુશાલીમાં ભેટ.

**સુંદરપુરા :** કનુભાઈ ડી. પટેલ નૂતનવર્ષે શ્રી ૫ નવતનપુરીધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**સાંગણવા :** ધામવાસી જેરામભાઈ ટપુભાઈ પટોરિયાની પાવનસ્મૃતિમાં મળ્યા છે. હ. મગનભાઈ જે. પટોરિયા.

**બોરસદ :** ભૂમિકાબેન ભૂપેન્દ્રસિંહ સિંઘા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**આણંદ :** પિનાક, સહદેવ, વિશ્વજિત સોલંકી નૂતનવર્ષે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**સુરત :** રમેશભાઈ મોહનભાઈ અટાળા તરફથી તેઓએ નવી ગાડી લીધી અને દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** કુસુમબેન રતિલાલ પંડયા તરફથી નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**વડોદરા :** ગજેન્દ્રસિંહ હિંમતસિંહ જાદવ તરફથી નૂતન વર્ષેસાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ.

**સીમરડા :** મંજુલાબેન જશુભાઈ પટેલ તરફથી શામળાજીની પારાયણમાં ભાગ લીધાની ખુશાલીમાં ભેટ.

**જામનગર :** કાંતિભાઈ ડી. મુંગરા એ તા. ૨૪-૧૦-૨૦૦૯ ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ.

**અમદાવાદ :** રાજેશભાઈ બાબુભાઈ પટેલને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**ચિખલોદરાઃ** નાથાભાઈ પૂનાભાઈ ભેટારિયા ૩૧૩ પારાયણ ૩૧૩ રાજભોગ અને પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થેઆવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**સીમરડા :** જશભાઈ ભીખાભાઈ પટેલ સપરિવાર ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થેઆવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**કહાનવાડી :** સુધાબેન કૌશિકભાઈ પરમાર તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**ધુળશિયા :** ભરતભાઈ મનસુખભાઈ સોલંકી બી. એડ્માં સારા ગુણાથી ઉત્તીર્ણ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**બાલાસિનોર :** કનુભાઈ પુરુષોત્તમદાસ ગોહિલના સુપુત્ર ચિ. બ્રિજેશકુમાર એમ. એડ્ માં સારી રીતે ઉત્તીર્ણ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**કોંઝા :** વનિતાબેન રમેશભાઈ કોરાટ તરફથી ચિ. હર્ષિતના જન્મદિન (૨૧-૯-૦૯) ની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**વલસાડ :** મેઘનાબેન ધનેશભાઈ ભાવસારે 'શ્રીજી' બ્યુટીપાર્લરની શરૂઆત કર્યાની ખુશાલીમાં ભેટ.

**ગોકરણ :** ધામવાસી મેણસીભાઈ કરસનભાઈ કનારાની સ્મૃતિમાં શુભેચ્છા ભેટ મળી છે. હ. ભનુભાઈ મેણસીભાઈ.

**અમદાવાદ :** કોકિલાબેન કૃષ્ણકાંત શાહ તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**બાપુનગર (અમદાવાદ ) :** વિજયભાઈ પ્રાગજીભાઈ કાછડિયા ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**કાલાવાડ (શીતલા) :** છગનભાઈ ભાદાભાઈ કમાણી તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.
**અંજાર (કચ્છ) :** કૃપાબેન ડી. વરૂ તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ.
**દેસાસણ (અમદાવાદ) :** રેવાબેન અમૃતલાલ પટેલ ૩૧૩ પારાયણના વાચન, દર્શન તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.
**કેશોદ :** મનસુખભાઈ જગજીવનભાઈ ચુડાસમા ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.
**ઓરિસ્સા :** શ્રી શ્યામાજી ગારમેન્ટ નામે કાપડની દુકાનનો શુભારંભ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.
**મુંબઈ :** વસંતભાઈ ઠક્કરના ચિ. હિમાંશુ એમ. બી. એની પરીક્ષામાં ૭૬ ટકા ગુણ મેળવીને ફર્સ્ટ કલાસ ફર્સ્ટ પાસ થયાની ખુશાલીમાં ભેટ. અભિનંદન.

**રૂા. ૫૧**/ ૧. ધર્મજ્ઞાશ્રી મંજુલાબેન ગોવિંદભાઈ હરસોડા-**રાજકોટ**. ૨.ધામવાસી પ્રાગજીભાઈ આણંદભાઈ કનખરા-**જામનગર**. ૩.બંશીભાઈ લલિતભાઈ-**સુરત**. ૪. ઈશ્વરભાઈ શનાભાઈ સોલંકી-**ખેડા**. ૫. પુષ્પાબેન બાબુભાઈ પારેખ-**કાલોલ**. ૬.હસમુખભાઈ પોપટભાઈ ટાંક-**સિનુગ્રા (કચ્છ)**. ૭.ગભરુભાઈ ઠાકરશીભાઈ કપોપરા-**સુરત (હિપાવડલી)** ૮.પ્રફુલ્લભાઈ પાઠક-**ઉમરેઠ**. ૯.ભાવનાબેન સામતસિંહ મહીડા-**બોરસદ**. (હ. નરેન્દ્રદાસ મહારાજ-**બોરસદ**) ૧૦.સુશ્રી રિયાબેન તુષારભાઈ પાબારી-**રાજકોટ**. ૧૧.ધામવાસી અમૃતલાલ જોષી. હ. હરિપ્રસાદ જોષી-**જુનાગઢ**. ૧૨.સુશ્રી દિશાબેન વૈભવભાઈ-**રાજકોટ**. ૧૩.શ્રીમતી મંજુલાબેન ગોવિંદભાઈ હરસોડા-**રાજકોટ**. ૧૪.હિરાલાલ ગુલાબલાલ ભાવસાર-**વલસાડ**. ૧૫.સામજીભાઈ વેલજીભાઈ આસોદરિયા-**મોટાગુંદારા**. ૧૬.દામજીભાઈ વિરજીભાઈ સાવલિયા-**ધોરાજી**. ૧૭.વિમળાબેન બાબુભાઈ વઘાસિયા-**અમદાવાદ**. ૧૮.પ્રવીણભાઈ ભીખાભાઈ પ્રજાપતિ-**બાકરોલ**. ૧૯.ધામવાસી કરસનભાઈ લાધાભાઈ ફળદુ હ. હરેશભાઈ-**મકવાણા**. ૨૦. ધામવાસી કરસનભાઈ લાધાભાઈ હ.વસરામભાઈ-**મકવાણા**. ૨૧.માલદેભાઈ નાથાભાઈ ભેટારિયા-**મેંદરડા**. ૨૨.ભંડરી તેજ કૌશિકભાઈ-**રાજકોટ**. ૨૩.કાંતિભાઈ જેરામભાઈ ડી. કપોપરા-**સુરત**. ૨૪.રતિભાઈ કાનજીભાઈ કપોપરા (હિપાવડલીવાલા)-સુરત. ૨૫.જયરાજ ગિરીશભાઈ પરમાર-**નીમસ**. ૨૬.મેણસીભાઈ નારણભાઈ સોલંકી-**આંબલિયા**. ૨૭.લક્ષ્મણભાઈ નરશીભાઈ ગોરસીયા-**સાંગણવા**. ૨૮.રેણુકાબેન નિલેષભાઈ પટેલ-**સીમરડા**. ૨૯.સવિતાબેન છગનલાલ પટેલ-**સીમરડા**. ૩૦.ભાવેશભાઈ સુરેશભાઈ પટેલ-**સીમરડા**. ૩૧.સવધીબેન દેવાયતભાઈ કમાણી-**ગોકરણ** ૩૨.મગનભાઈ કાનજીભાઈ ભંડરી-**માંડાસણ**.૩૩.એક સુંદરસાથ-**મુંબઈ.**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ધામગમન

સઢા નિવાસી શાંતાબેન રતિભાઈ અમીનનું તા. ૧૨-૦૯-૨૦૦૯ ના રોજ ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૧૦૧/ પત્રિકાની સેવામાં ભેટ મળી છે.

હરિપર નિવાસી ધનજીભાઈ નારણભાઈ અકબરીનું ધામગમન તા. ૧૦-૧૦-૦૯ ના રોજ થયું છે. તેમના આત્મકલ્યાણાર્થે અખંડ પારાયણ તથા તા. ૨૧-૧૦-૦૯ ના રોજ ગોટા પારાયણ રાખી પરમપૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના સત્સંગનો કાર્યક્રમ રાખ્યો હતો. તે નિમિત્તે પત્રિકાની સેવામાં રૂા. ૧૫૧/ મળ્યા છે. હ. કિશોરભાઈ ધનજીભાઈ અકબરી.

અમદાવાદ નિવાસી રમણિકલાલ અમૃતલાલ જોશીના ભાભી લલિતાબેનનું ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં રૂા. ૧૦૧/ પત્રિકાની સેવામાં મળ્યા છે.

રાજકોટ નિવાસી પ્રેમજીભાઈ સોજીત્રાની પુણ્યતિથિ નિમિત્તે નવતનપુરી ધામમાં ગોટાપારાયણ કરાવી પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે ભેટ. હ. ચીરાગ પ્રેમજીભાઈ સોજીત્રા.

ટીંબા નિવાસી વિઠ્ઠલભાઈ કુબેરભાઈનું ધામગમન થયેલ છે. એમના આત્મકલ્યાણાર્થે પત્રિકાની સેવામાં રૂા. ૧૫૧/ મળ્યા છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

# ધન્યવાદ

**નિકોડા (સાબરકાંઠા) નિવાસી ત્રિકમલાલ પાનાચંદ પટેલના પૌત્ર ચિ. શ્રી રૂપેશકુમાર પટેલ તથા ચિ. શ્યામ યોગેશભાઈ પટેલ તરફથી નવતનપુરી ધામના ઉતારા વિભાગમાં સુંદરસાથજીના પાગરણ માટે અંદાજે રૂા. ૪૧ હજારની રકમનું અનુદાન મળ્યું છે. જેમાં (૧) વોશેબલ ગાદલાનં ૪૦ (૨) વોશેબલ ઓશિકા નં ૪૦ (૩) બેડશીટ નં-૩ (૪) રજાઈ નં-૧**

**આવો સુંદર અને સરસ વિચાર આવવા બદલ દાતાશ્રીને ધન્યવાદ. સહુ પરિવારજનો પર શ્રી રાજશ્યામાજીની અસીમ મહેર રહે એવી શુભાશિષ.**

# પાકી રસોઈની સેવા

| | |
|---|---|
| ૦૧.શ્રી હરિશંકર શ્રેષ્ઠ | કાઠમાડૌં |
| ૦૨.શ્રી બાબુભાઈ રામજીભાઈ ચોવટીયા (ધારેશ્વરડેરી) | જામનગર |
| ૦૩.શ્રી સુરેશભાઈ કાન્તિલાલ પાનાચંદભાઈ પટેલ | ફતેપુર |
| ૦૪.ધા.વા. ધનજીભાઈ વીરજીભાઈ સંઘાણી | જામનગર |
| ૦૫.પુજારી  શ્રી યમનાથજી શાસ્ત્રી | નવતનપુરી ધામ |
| ૦૬.શ્રી રોનકકુમાર રજનીકાંતભાઈ પટેલ | મોટી-કાંરડી |
| ૦૭.શ્રીમતી જયાબેન જયંતીલાલ બાબરીયા | મુંબઈ |
| ૦૮.શ્રી ભોગીભાઈ કરમશીભાઈ પટેલ | અંજાર |
| ૦૯.શ્રી રાહુલકુમાર જયંતીભાઈ ભંડેરી | અમદાવાદ |
| ૧૦.શ્રી રાજ ભરોસે | - |
| ૧૧.શ્રી દીપકભાઈ સાડીવાલા | ખંભાત |
| ૧૨.શ્રીમતી રીટાબેન અનિલકુમાર ભાવસાર | ધોળી-કૂવા |
| ૧૩.ધા.વા. માણેકબેન સમજુભાઈ ગોહિલ | જેતપુર |
| ૧૪.શ્રીમતી દીપાબેન નિલેષભાઈ મોદી | સૂરત |
| ૧૫.શ્રી આશાબેન તથા અમીબેન મોદી | સૂરત |
| ૧૬.શ્રી ગીતાબેન અરવિંદભાઈ મોદી | સુરત |
| ૧૭.ધા.વા. શ્રી મોહનદાસજી પુજારી | શ્રી નવતનપુરી ધામ |
| ૧૮.શ્રી રવજીભાઈ માવજીભાઈ વાગડીયા | ધૂળસીયા |
| ૧૯.શ્રી સુરેશભાઈ છગનભાઈ જરીવાલા | સૂરત |
| ૨૦.શ્રી ચિરાગભાઈ પ્રેમજીભાઈ સોજિત્રા | રાજકોટ |
| ૨૧.શ્રી વલ્લભભાઈ ધનાભાઈ મેંદપરા | જામનગર |
| ૨૨.શ્રી વિપિનભાઈ ડાહ્યાભાઈ પટેલ | હિંમતનગર |
| ૨૩.શ્રી કમલેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | નિકોડા |
| ૨૪.શ્રી મુકેશભાઈ જમનભાઈ ભંડેરી | માંડાસણ |
| ૨૫.શ્રી અશ્વિનભાઈ શાન્તિલાલ પટેલ | અમદાવાદ |
| ૨૬.શ્રી વસંતભાઈ નારણભાઈ ચૌહાણ | - |



श्री कृष्ण प्रणामी मन्दिर भिवानीके वार्षिक उत्सवकी झांकी



नवनिर्मित श्री कृष्ण प्रणामी मन्दिर मेंदरडा जूनागढमें पूजा प्रतिष्ठा अवसरके दृश्य



जामनगरके तेजस्वी विद्यार्थियोंको सरस्वती सम्मान प्रदान समारोहके अवसर पर दीप प्राकट्य एवं सभाको सम्बोधन करते हुए शास्त्री श्री लक्ष्मण चैतन्यजी



श्री ५ नवतनपुरी धाममें श्रीमद्भागवत कथा करते हुए श्री प्रह्लादराज शास्त्री

RNI No. GUJ BIL /2006/16311 Registration No. GJN-1 . 2009-201







श्री ५ नवतनपुरी धाम स्थापना दिवस एवं श्री कृष्ण प्रणामी धर्म महामहोत्सव
१२००० पारायणकी स्मृतिमें आयोजित श्री मेहेर सागर पाठ एवं सत्संगकी झांकी ।













सद्गुरु मन्दिर श्री ५ पद्मावतीपुरी धाममें कलश महोत्सवके अवसर पर आयोजित
श्री तारतम सागरके १०८ पारायणका शुभारंभ, ध्वजारोहण तथा शरदपूर्णिमा महोत्सवमें
सभाको सम्बोधन करते हुए परम पू.आचार्य महाराजश्री एवं सन्त गुरुजन

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA

SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)